પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૭ | ૧૭ ઓક્ટોબર, ૨૦૨૧, રવિવાર; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાહુલ ગાંધીને કોંગ્રેસ અધ્યક્ષ બનાવવા પ્રસ્તાવ

**૨૦૧૯માં લોકસભામાં કારમી હાર બાદ રાહુલે અધ્યક્ષપદ છોડ્યું હતું : કોંગ્રેસ નેતા અશોક ગહેલોતે પ્રસ્તાવ મૂક્યો : રાજસ્થાનના મુખ્યમંત્રીના પ્રસ્તાવને કોંગ્રેસની કાર્યકારી સમિતિના અન્ય સભ્યોએ પણ સમર્થન આપ્યું**




નવી દિલ્હી, તા.૧૬

કોંગ્રેસ વર્કિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં ફરી એક વખત રાહુલ ગાંધીને કોંગ્રેસ અધ્યક્ષ બનાવવાની માંગ ઉઠી હતી.રાજસ્થાન સીએમ અને કોંગ્રેસ નેતા અશોક ગહેલોતે રાહુલ ગાંધીને અધ્યક્ષ બનાવવાનો પ્રસ્તાવ મુક્યો હતો અને કહ્યુ હતુ કે, રાહુલ ગાંધીએ કોંગ્રેસનુ નેતૃત્વ કરવુ જોઈએ. જેને કમિટીના બીજા સભ્યોએ સમર્થન આપ્યુ હતુ. હાલમાં તો સોનિયા ગાંધી પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ છે. આ પહેલા રાહુલ ગાંધી ૨૦૧૭માં અધ્યક્ષ બન્યા હતા અને એ પછી ૨૦૧૯માં કોંગ્રેસને લોકસભા ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ રાહુલ ગાંધીએ અધ્યક્ષ પદ પરથી રાજીનામુ આપી દીધુ હતુ. રાહુલ ગાંધીને બીજા નેતાઓએ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પણ રાહુલ ગાંધી અધ્યક્ષ પદ સ્વીકારવા તૈયાર થયા નહોતા. આખરે સોનિયા ગાંધીએ કાર્યકારી અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળવી પડી હતી. આમ કોંગ્રેસના અધ્યક્ષ પદની ખુરશી બે વર્ષથી ખાલી છે અને જે રીતે વર્કિંગ કમિટીમાં ચર્ચા થઈ છે એ પ્રમાણે ૨૦૨૨માં જ અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## ઈફકોએ ખાતરના ભાવમાં તોતિંગ વધારો કરતા રોષ

**રાજ્યના ખેડૂતો માટે દિવાળી પહેલાં માઠા સમાચાર : ખાતરના ભાવ ગત વર્ષે જ વધારી દેવાયા હતા પણ આ વર્ષે ઘટાડાયા હોવાનો દિલીપ સંઘાણીનો દાવો**

ગાંધીનગર, તા.૧૬

દિવાળી પહેલા જ ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. રવી પાક પહેલા ખેડૂતોને મોટો ઝટકો મળ્યો છે. ખાતરના ભાવમાં ૨૬૫ રૂપિયાનો વધારો થયો છે. એનપીકે ખાતરના રૂ.૧૧૭૦થી વધીને ૧૪૫૦ થયા છે. ગત વર્ષે કરેલો ભાવ વધારો હવે લાગુ થયો છે. તો બીજી તરફ, ઈફકો નુકશાન ખાઈને ખાતર આપતું હોવાનો દિલીપ સંઘાણીએ દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, ૧૭૦૦ રૂપિયા ગત વર્ષે જ ભાવ કર્યો હતો.




પેટ્રોલ-ડીઝલના રોજે રોજ વધતા ભાવના કારણે ખેડૂતો પહેલેથી જ પરેશાન છે. દેશમાં રાસાયણિક ખાતર બનાવતી સંસ્થા ઈફકો એ ભાવ વધારો કર્યો છે. ત્યારે આજે અચાનક ખાતરમાં ઈફકોએ ધરખમ ભાવ વધારો થતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ગુજરાતના ખેડૂતો પર સૌથી મોટો બોજો ઝીંકાયો છે. ઈફકો કંપનીએ રાસાયણિક ખાતરમાં તોતિગ ભાવ વધારો કર્યો છે.

કંપની દ્વારા કરાયેલો ભાવ વધારો આ મુજબ છેઃ એનકેપી ખાતરના રૂ. ૧૧૮૫ જે વધારીને રૂપિયા ૧૪૪૦ થયા. એટલે કે પ્રતિ બેગે રૂપિયા ૨૫૫ નો ભાવ વધારો. એનપીકે ૧૨:૩૨:૧૬ માં રૂપિયા ૧૧૮૫ ના બદલે હવે રૂપિયા ૧૪૫૦ થયા. એટલે કે રૂ ૨૬૫ નો પ્રતિ બેગે વધારો થયો. મહાધન ૧૦:૨૬:૨૬ ના ભાવ રૂપિયા ૧૨૯૫ હતા, જે વધારીને રૂપિયા ૧૭૫૦ કર્યા. એટલે કે રૂપિયા ૪૫૫ નો વધારો. મહાધન ૧૨:૩૨:૧૬ નો જૂનો ભાવ રૂ ૧૩૦૦ હતો, જે વધારીને રૂ ૧૮૦૦ કરાયો.

## યુપીથી પ્રથમ વખત ઈરાનમાં કેળાંની નિકાસ

**લખીમપુરના ખેડૂતોને કૃષિના કારણે મોટી સિદ્ધિ મળી : આ સિદ્ધિ બાદ લખીમપુર ખીરીનુ નામ પણ મહારાષ્ટ્ર, આંધ્ર જેવા પ્રદેશના ખેડૂતોના નામે નોંધવામાં આવશે**

લખનૌ, તા.૧૬

યુપીના લખીમપુરના ખેડૂતોને કૃષિના કારણે મોટી સિદ્ધિ મળી છે. ઉત્તર પ્રદેશથી પહેલીવાર વિદેશમાં કેળા નિકાસ કરવામાં આવી રહ્યા છે. આની ઉપજ લખીમપુરના પલિયા કલાન ક્ષેત્રના ખેડૂતોએ કરી છે.

૪૦ મેટ્રિક ટન કેળાની પહેલી ખેપ ઈરાન માટે ૧૪ ઓક્ટોબરે રવાના થઈ છે. આ સિદ્ધિ બાદ લખીમપુર ખીરીનુ નામ પણ દેશના મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ જેવા પ્રદેશના ખેડૂતોના નામે નોંધવામાં આવશે જે ઉન્નત તકનીકથી કેળાની ઉપજ કરે છે.

યુપીના તરાઈ વિસ્તારની જળવાયુના કારણે આમ તો કેળાની ઉપજ આ ક્ષેત્રમાં થાય છે પરંતુ લખીમપુર ખીરીના ખેડૂતોના નામે આ મોટી સિદ્ધિ નોંધાશે.



## રાયપુર રેલવે સ્ટેશન પર બ્લાસ્ટમાં છ જવાન ઘાયલ

રાયપુર,તા.૧૫

રાયપુર રેલવે સ્ટેશનેથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. સવારના અંદાજે સાડા ૬ કલાક વાગ્યે રાયપુર રેલવે સ્ટેશન પર એક બ્લાસ્ટ થયો છે. જેમાં મળતી જાણકારી અનુસાર સીઆરપીએફના ૬ જવાનો ઘાયલ થયા છે. સૂત્રો અનુસાર, ડેટોનેટર ફાટવાથી આ બ્લાસ્ટ થયો છે. ડેટોનેટર એક બોગીમાંથી બીજી બોગીમાં લઈ જવાઈ રહ્યું હતું. એ દરમ્યાન આ દુર્ઘટના ઘટી હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી માહિતી મુજબ, પ્લેટફોર્મ નંબર ૨માં બે બોગીના સ્થળાંતર દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. હાલમાં ઘાયલ જવાનોને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં છે. તેમજ આ ઘટના સાથે સીઆરપીએફના એક વરિષ્ઠ અધિકારીએ સ્થળ પર પહોંચીને ઘટનાસ્થળનું નિરીક્ષણ પણ કર્યું છે. સીઆરપીએફની ૨૧૧મી બટાલિયનના જવાન સ્પેશિયલ

● અનુસંધાન પાન-૭ પર

## શશીકલાની તામિલનાડુના રાજકારણમાં એન્ટ્રીના સંકેત

ચેન્નઈ, તા.૧૬

તામિલનાડુની રાજનીતિમાં એઆઈડીએમકેના પૂર્વ મહાસચિવ અને દિવગંત મુખ્યમંત્રી જયલલિતાના વફાદાર મનાતા શશીકલાની એન્ટ્રી પડી છે. પાર્ટીના પચાસમાં સ્થાપના દિવસના એક દિવસ પહેલા ચેન્નાઈમાં શશિકલા જયલલિતાના સ્મારક પર શ્રધ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા અને ત્યાં તે પોતાના આંસુનો રોકી શક્યા નહોતા. શશીકલાની એન્ટ્રી એવા સમયે થઈ રહી છે જ્યારે એઆઈડીએમકે ને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં પણ હારનો સામનો કરવો પડ્યો છે. સત્તારૂઢ ડીએમકે પાર્ટીએ નવ જિલ્લામાં જીત મળેલી છે. ૧૫૩ જિલ્લા પંચાયત વોર્ડમાં ડીએમકે ૧૩૯ બેઠકો જીતી છે.

## છેલ્લા સપ્તાહમાં નવ એન્કાઉન્ટરમાં ૧૩ આતંકવાદીનો ઠાર કરાયા

શ્રીનગર, તા.૧૬

જમ્મૂ કાશ્મીરમાં સિવિલિયનની ટાર્ગેટ કિલિંગ બાદ સુરક્ષાબળોએ આતંકવાદીઓના વિરૂદ્ધ જોરદાર અભિયાન છેડાયેલું છે. ગત થોડા દિવસોમાં ૯ ઓપરેશન કરીને ૧૩ આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો છે. તેમાંથી ૩ આતંકવાદી ગત ૨૪ કલાકમાં મોતને ભેટ્યા છે.

સુરક્ષાબળોએ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના કમાન્ડર ઉમર મુશ્તાક ખાંડેને પુલવામા જિલ્લાના પંપોર વિસ્તારમાં મોતને ઘાટ ઉતાર્યો હતો. આ એક્રાઉન્ટરમાં ખાંડે સહિત બે આતંકવાદીઓના ઠાર માર્યા હતા. આઈજી વિજય કુમારે જણાવ્યું હતું કે ઉમર મુશ્તાક ખાંડે આ વર્ષની શરૂઆતમાં શ્રીનગર જિલ્લાના બઘાટમાં બે પોલીસકર્મીની હત્યાની ઘટનામાં સામેલ હતા. તે આ પહેલાં પણ ઘાટીમાં ઘણા હુમલાને અંજામ આપી ચૂક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાનો છે**
બંગલો
પ્લોટ ૩૦૮ વાર,
બાંધકામ ૨૭૫ વાર,
રોડ ટચ, સૂર્યા રીટ્રીટ,
ઉવારસદ, ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૫૦૭૧૬




**જન્મદિને સ્મરણ વંદન**



છાંયા હેઠળ ત્યારે પણ હતા,
છાંયામાં જ આજે છે...
ત્યારે આપે પોતે હાથ પકડતા હતા,
આજે માર્ગ દેખાડતા આપના વિચાર છે.
અવિસ્મરણીય, અવિચલ, અનંત વ્યક્તિત્વ
સ્વ. ફકીરભાઈ વાઘેલાજીની યાદોને
સાદર નમન
મુકેશ પરમાર
ઉપાધ્યક્ષ
દલિત અધિકાર સંઘ, ગુજરાત

Project by : loyal infra
Quality Matters...
Olive RESIDENCY
2-BHK
A complete lifestyle...
More than your dream...



LUXURIOUS AMENITIES
ATTRACTIVE ENTRY | 24HR SECURITY | LANDSCAPE | CAR PARKING | GYM | MULTIPURPOSE HALL
THEATER | PARTY LOAN | INDOOR GAMES | SENIOR CITIZEN SPACE | CHILDREN PLAY AREA
BU RECEIVED
NO GST
READY POSSESSION
• SAMPLE FLAT FOR SALE AT ATTRACTIVE PRICE
Olive RESIDENCY
Opp.Chandkheda Bus Stand, B/h Satyamav Hospital & Suriya Hope Town, Nr.Parmeshwar 3-Zundal.
M.: 735 901 99 99
Email : loyalinfrastructure@gmail.com
RERA Reg.No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/AUDA/RAA00843/EX1/261219
For Location Scan

**ફ્લેટ વેચવાનો છે**
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.
૩૨ લાખ ફીક્સ
શૈલેષભાઈ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા